માહિતી (મેળવવાના)અધિકારના કાયદા નીચે થયેલ અરજીઓ/ મળેલફી/ તેઅંગે નિભાવવાના રજીસ્ટરો તેમજ નિયમિતપણે તેની **ત્રિમાસિક માહિતી** મોકલવા બાબત.

# –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ વહસ–૧૦૨૦૦૫– ૨૫૫૬– આર.ટી.આઈ. સેલ, સચિવાલય, ગાંધીનગર તાઃ૧૬–૧૧–૦૫ના પરીપત્ર થી દર ત્રિમાસિક સમયની (જાન્યુઆરી થી માર્ચ, એપ્રિલ થી જુન, જુલાઈ થી ઓગષ્ટ અને સપ્ટેમ્બર થી ઓકટોબર) માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની માહિતી મોકલવાની રહે છે. આ સાથે સામેલ પત્રક–૫ અને પત્રક–૬ ના નમુનામાં માહિતી તૈયાર કરી ત્રિમાસિક સમયગાળા બાદના માસની ૫ તારીખ સુધીમાં માહિતી અત્રે મોકલી આપવા અંગે અત્રેથી વારંવાર પરિપત્રો કરવામાં આવેલ છે. હાલ **જાન્યુઆરી–૨૦૧૪ થી માર્ચ–૨૦૧૪** ની ત્રિમાસિક માહિતી એપ્રિલની તારીખઃ ૫ મી સુધીમાં અત્રે મોકલવાની હતી પરંતુ આજ દિન સુધી ઉકત માહિતી મોટાભાગની કચેરીઓની મળવામાં નથી. જેથી સરકારશ્રીને અત્રેથી સદર માહિતી સંકલીત કરી મોકલી શકાયેલ નથી. જે યુનિવર્સિટીના જાહેર કરવામાં આવેલ જાહેર માહિતી અધિકારીઓની નિષ્કાળજી દર્શાવે છે. અત્રેથી વારંવાર જણાવવા છતાં પણ આ કચેરીના પરિપત્રો / પત્રોની અવગણના કરવામાં આવે છે. આજે માંગવામાં આવેલ વિગતો અત્રે મળતી નથી એમ અનુભવે જાણવા મળ્યું છે. આથી હવે ઉપરોકત માહિતી દિન–૨ માં અત્રે અવશ્ય મોકલી આપવી. જો માહિતી "નીલ" હોય તો પણ નિયત પત્રક–૫ અને પત્રક–૬ માં મોકલવાની રહેશે. ***સદર માહિતી ફકત regiadm3.3@nau.in પર જ મોકલવી. તેમજ હાર્ડ કોપીમાં માહિતી મોકલવી નહી.***

વધુમાં આ અંગે જે માહિતી સરકારશ્રીમાં મોકલી આપવાની હોય છે તે રાબેતા મુજબ અત્રે મોકલી આપવી. આ અંગે વારંવાર પરિપત્રો કરવાના રહેતા નથી. તો સમયસર માહિતી મોકલી આપવી અન્યથા આપની કચેરી તરફથી અત્રે માહિતી ન મળવાથી સરકારશ્રીમાં માહિતી મોકલવામાં જો વધુ વિલંબ થશે તો તે અંગેની નિષ્કાળજી બાબતે સરકારશ્રી તરફથી જો કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી જે તે જાહેર માહિતી અધિકારીશ્રી તથા વિભાગના વડાની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

આ પરિપત્રનો અમલ ચુસ્ત પણે કરવાનો રહેશે.

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/RTI ત્રિ.માહિતી/૪૭૫૦-૮૬૭/૨૦૧૪.**
**નવસારી.** **તારીખઃ૧૬/૪/૨૦૧૪.**

**કુલસચિવ**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.
૨. નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.